Bhakta Kavi Narsinh Mehta University
Govt. Polytechnic College Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh
Ph. : (O) 0285-2681400 Fax : (0285) 2681503
Website : http://www.bknmu.edu.in E-mail : info@bknmu.edu.in

**પરિપત્ર**

**વિષય :- યુ.જી. સેમ-૧ તેમજ બી.એડ./એમ.એડ. સેમ. ૧ તેમજ બી.એડ. સેમ. ૪ ના રેગ્યુલર તેમજ રિપીટર વિધાર્થીનાં પરીક્ષા ફોર્મની ઓનલાઈન એન્ટ્રી તા.૦૧/૧૧/૨૦૧૮ થી શરૂ કરવા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના માન.આચાર્યશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોનાં તથા સર્વે સંસ્થાના વડાશ્રીઓને જણાવવાનું કે, નવે./ડીસે.-૨૦૧૮ નાં પરીક્ષા ફોર્મ યુ.જી. સેમ.-૧ તેમજ બી.એડ./એમ.એડ. સેમ.-૧ તેમજ બી.એડ. સેમ. ૪ ની ઓનલાઈન એન્ટ્રી તા.૦૧/૧૧/૨૦૧૮ થી ૧૪/૧૧/૨૦૧૮ સુધી કરી શકાશે. બી.એડ. સેમ. ૪ ની પરીક્ષા ફી રૂ. ૩૫૦/-પ્રતિ વિદ્યાર્થી ભરવાની રહેશે. તે અંગે સંબંધીત ભવન - કોલેજ દ્વારા તેમના લોગીન મારફત એન્ટ્રી કરવાની રહેશે.

| ક્રમ | પરીક્ષા ફોર્મ ની ઓનલાઇન એન્ટ્રી સેમેસ્ટર – ૧ | રેગ્યુલર ફી સાથે તા.૦૧/૧૧/૨૦૧૮ થી તા.૧૪/૧૧/૨૦૧૮ | લેઇટ ફી સાથે ફી + રૂ.૫૦૦/- તા.૧૫/૧૧/૨૦૧૮ | દંડાત્મક ફી સાથે ફી + રૂ.૫૦૦/- + રૂ.૧૫૦૦/- તા.૧૬/૧૧/૨૦૧૮ |
|---|---|---|---|---|

ઉપર્યુક્ત ઓનલાઈન પ્રોગ્રામમાં એન્ટ્રી કર્યા બાદ જરૂરી સુધારો સમય-મર્યાદામાં કરવાનો રહેશે. છેલ્લી તારીખ બાદ સુધારો થઇ શકશે નહિ.

નોંધ : કોલેજ દ્વારા યુ.જી. સેમ.-૧ તેમજ બી.એડ./એમ.એડ. સેમ.-૧ તેમજ બી.એડ. સેમ. ૪ ની પરીક્ષાઓની ઓનલાઈન એન્ટ્રી કરવાની લેઇટ ફી સાથેની છેલ્લી તારીખ (૧૫/૧૧/૨૦૧૮) તેમજ દંડાત્મક ફી સાથેની છેલ્લી તારીખ (૧૬/૧૧/૨૦૧૮) બાદ દિવસ એકમાં પરીક્ષાર્થીઓના આવેદનપત્રો કોલેજ દ્વારા યુનિવર્સિટીમાં જમા કરાવવાના રહેશે.

ખાસ જણાવવાનું કે, ઉપર્યુક્ત ઓનલાઈન એન્ટ્રી કરવાની લેઇટ ફી સાથેની છેલ્લી તારીખ (ફી + રૂ.૫૦૦) તેમજ દંડાત્મક ફી સાથેની છેલ્લી તારીખ (ફી + રૂ. ૫૦૦ + રૂ. ૧૫૦૦) બાદ કરવામાં આવતી એન્ટ્રી સોફ્ટવેર પ્રોગ્રામ સ્વીકારશે નહી, જે ધ્યાને લેવા વિનંતી છે.

ઓનલાઈન એન્ટ્રી કરવાની લેઇટ ફી તેમજ દંડાત્મક ફી સાથે છેલ્લી તારીખ બાદ દિવસ એકમાં ફી મેમો,ચેકલિસ્ટ તથા પરીક્ષા ફી ભર્યાની રસીદ પરીક્ષા વિભાગમાં આપવાની રહેશે અને પરીક્ષા ફી યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે તેમજ પરીક્ષા ફી **"રજીસ્ટ્રાર, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ"** ના નામનાં ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા જ ચૂકવી શકાશે.

નોંધ:- ૧) દરેક કોલેજે વિદ્યાર્થીએ જે પરીક્ષા ફોર્મમાં વિષય પસંદ કરેલા હોય તે જ વિષયની સોફ્ટ્વેરમાં એન્ટ્રી કરવી. પરીક્ષા ફોર્મ ભર્યા બાદ વિષયમાં ફેરફાર કરી આપવામાં આવશે નહી. જેથી કાળજીપુર્વક ફોર્મ ભરવું.

૨) કોલેજ દ્વારા પરીક્ષા ફોર્મની એન્ટ્રી થયા બાદ વિદ્યાર્થી દ્વારા પસંદ કરવામાં આવેલ વિષય પ્રમાણે ઓનલાઇન એન્ટ્રી થયેલી છે કે કેમ તેની ખરાઇ કરી ત્યાર બાદ ફરજીયાત વેરીફાય (verify) કરી લેવાનું રહેશે. ત્યારબાદ જો વિષય ફેરફાર કરવા માટે અરજીઓ આવશે તો નિયમોનુસારની ફી વસુલી વિષય ફેરફાર કરી આપવામાં આવશે.

**પરીક્ષા નિયામક**

ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૦૨/૩૮૩૮/૨૦૧૮
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ-362263
તા.૩૧/૧૦/૨૦૧૮

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/પી.જી.સેન્ટરના વડાઓ તરફ...

**નકલ સાદર રવાના:-**

(1) માન.કુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી,

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**

(1) આઈ.ટી. સેલ જરૂરી કાર્યવાહી અર્થે અને વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે.
(2) એકાઉન્ટ શાખામાં જાણ અર્થે.